ગાંધીનગર સમાચાર

તા. ૯-૧-૨૦૧૨, બુધવાર

## તંત્રી સ્થાનેથી.....

### એ આત્માને જ્યાં હોય ત્યાં જંપીને રહેવા દો મહારાજ : મોતનો મલાજો જાળવો તો સારું

દિલ્હી સામૂહિક બળાત્કાર કાંડનો ભોગ બનેલી નિર્દોષ બાળાને જેટલી 'પ્રસિધ્ધિ' સાંપડી છે એટલી ભાગ્યે જ કોઇ રાષ્ટ્રીય નેતાને કે કલાકારને સાંપડી હશે. ૧૬ ડિસેમ્બરની મધરાત પહેલાં પહેલાં બનેલી આ ઘટના ફક્ત ચોવીસ કલાક પહેલાં બની હોત તો રાજકારણના ખેલાડીઓએ એનો ગુજરાતની ચૂંટણીમાં પણ અમોઘ શસ્ત્ર તરીકે ઉપયોગ કર્યો હોત, એમાં શંકાને સ્થાન ખરૂં?

આ કમનસીબ ઘટના લોકજાગૃતિનું પ્રતીકપર્વ બને ત્યાં સુધી સહ્ય લેખાય, પરંતુ એની એ જ વાત રોજરોજ મિડીયા, અખબાર, નેતા-અભિનેતા અને સાધુ-સંતોના શ્રીમુખે ચર્ચાતી રહે છે ત્યારે ખરેખર ઉબકા આવે છે. એ દીકરીને દેશમાં અને દેશ બહાર સારવાર અપાઇ, એની પાછળ લાખો-કરોડોનો ધુમાડો થયો, લાખો લોકો રસ્તા પર ઊતરી આવ્યા અને કરોડો માનવદિન બેકાર ગયા, એનો તો કોઇને હિસાબ જ કયા માંડ્યો છે? બળાત્કાર એ કોઇ નવી સવી બાબત નથી, એ તો આદિ-અનાદિથી ચાલ્યું આવતું માનવ ઈતિહાસનું કલંક છે. સ્ત્રીનો ભોગ્યા ગણવાની માનસિકતામાંથી દેવો પણ કયાં મુક્ત રહી શક્યા છે? અનસૂયાને નગ્ન જોવાની ઉમેદ રાખતા ત્રિદેવની કથા જાણીતી છે. એ જ રીતે ગૌતમ ઋષિની પત્ની અહલ્યા સાથે જાર કર્મ કરવા સ્વર્ગના રાજા ઈન્દ્રે ગૌતમ ઋષિનો છદ્મવેશ લીધો હતો તે પણ જાણીતું છે. કાયદો બળાત્કારનો ભોગ બનેલી - દીકરીનું નામ છૂપું રાખવાની તરફેણ કરે છે. પરંતુ દિલ્હી બળાત્કાર કાંડની બાળાનું નામ ખુદ એના પિતાએ જાહેર કરી દીધું છે. કેન્દ્રીય મંત્રી શશી થરૂરે એ બહાદુર બાળાના નામે જ કડક કાયદો ઘડવાની રજૂઆત કરી છે. રોજેરોજ નવા નવાં બયાન અને નિવેદનોનો વરસાદ વરસી રહ્યો છે. ગુનેગાર માટે કોઇ રાસાયણિક નપુસંકતા જેવી સજાની તરફદારી કરે છે, કોઇ જાહેરમાં ફાંસીની વાત કરે છે. અનેક લોકોએ મહિલાઓને સુફિયાણી સલાહ આપતાં નિવેદનો કર્યાં છે. લક્ષ્મણરેખા ન ઓળંગવી જોઈએ તે કોઇ કહેવા માટેની વાત નથી, એ તો સૌએ પોતપોતાની રીતે સમજી લેવાનું હોય. ભાગવતથી લઇ આસારામ બાપુ સુધીના મહાનુભાવોએ પોતપોતાના અભિપ્રાયો રજૂ કર્યાં છે અને મહદંશે એમનો આશય ખોટો નહીં હોવા છતાં મહિલાઓને એ તમામ બાબતો સ્ત્રી જાતિના અપમાન જેવી લાગી છે. મહિલાઓએ પોતે પણ કયાંક તો આત્મનિરીક્ષણ કરવું જ રહ્યું. હવે અબળા એ અબળા નથી રહી તે સાચું, છતાં માણસમાં રહેલા પ્રાકૃત પશુત્વ સામે ઝઝૂમવાનું તો એના લમણે લખાયેલું જ છે. એ સંજોગોમાં વેગળા રહેવામાં જ ઔચિત્ય લેખાશે. ગુનેગારોને સજા અદાલતે કરવાની છે, પ્રજાએ નહીં, કાયદો સંસદે ઘડવાનો છે, દેખાવકારોએ નહીં. સૌ પોતપોતાની મર્યાદા સમજે તે જરૂરી છે. સબકો સન્મતિ દે ભગવાન.

આજે ગાંધીનગરમાં શિક્ષણ બોર્ડની સામાન્ય સભા

# બોર્ડની સામાન્ય સભા તોફાની બનવાના સંકેત : ઘણા મુદ્દાઓ

### નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩નું સુધારેલ અંદાજપત્ર મંજુરી માટે રજુ કરાશે : સૂચિત અંદાજપત્ર રજુ કરાય તેવી વકી

ગાંધીનગર, તા. ૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડની બુધવારે સામાન્ય સભા મળવાની છે. જેમાં બોર્ડના નાણાકિય વર્ષ ૨૦૧૨-૧૩નું સુધારેલ અંદાજપત્ર મંજુરી માટે રજુ કરવામાં આવશે. આ ઉપરાંત નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪નું સુચિત અંદાજપત્ર રજુ કરવામાં આવશે. ખાસ કરીને અંદાજપત્ર રજુ કરવા માટે બોલાવામાં આવેલ બોર્ડની સામાન્ય સભા આ વખતે તોફાની બની રહે તેવા પહેલેથી અણસારો વર્તાઈ રહ્યા છે. ખાસ કરીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડના અધિનિયમ ૧૯૭૨ની કલમ નં.૧૫(૧) મુજબ બોર્ડની બેઠક દર વર્ષે ઓછામાં ઓછી ત્રણવાર મળવી જોઈએ અને બે બેઠકો વચ્ચે ચાર મહીનાથી વધુ સમયગાળો હોવો જોઈએ નહીં પરંતુ છેલ્લે ૨૨ જુન ૨૦૧૨ના રોજ બોર્ડની સાધારણ સભા મળી હતી. ત્યારબાદ છ મહીના કરતા વધુ સમય વિતી ગયો હોવાથી બોર્ડના કેટલાક સભ્યો દ્વારા ઉગ્ર વિરોધ નોંધાઈ શકે છે. આ ઉપરાંત માર્ચ ૨૦૧૨ની ધોરણ-૧૨ની પરીક્ષામાં ગુણ સુધારણામાં થયેલ કથીત કૌભાંડમાં અંગે પણ ઉગ્ર રજુઆતો થવાની શક્યતા છે. જ્યારે ગત સપ્ટેમ્બર મહીનામાં જિલ્લા શિક્ષણ અધિકારીઓ દ્વારા તૈયાર કરાવાયેલ બોર્ડની સામાન્ય ચૂંટણી માટેની મતદાર યાદીમાં નવા સુધારા સંબંધિત બાબતે પણ સભા ઉગ્ર બને તેવી શક્યતાઓ વ્યક્ત કરાઈ રહી છે. વિવાદો ઉપરાંત બોર્ડની સામાન્ય સભામાં ગત સોમવારે કારોબારીની બેઠકમાં તૈયાર કરાયેલ આગામી બોર્ડની પરિક્ષાઓ માટેનો એક્શન પ્લાન પણ મંજુરી માટે મુકવામાં આવશે. જેને બહુમતીથી બેઠકમાં પાસ કરવામાં આવે તેવી પુરી શક્યતાઓ છે. આ ઉપરાંત નવા સત્રથી નવી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને મંજુરી માટે બોર્ડ દ્વારા તૈયાર કરાયેલ યાદીને મંજુરીની મહોર બુધવારથી સામાન્ય સભામાં મારવામાં આવે તેવી શક્યતાઓ વ્યક્ત કરાઈ રહી છે.

## સામાન્ય સભાનો એજન્ડા

બુધવારે ગાંધીનગર ખાતે મળનારી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડની સામાન્ય સભામાં ગત તારીખ ૨૨ જુલાઈ ૨૦૧૨ના રોજ મળેલી સામાન્ય સભાની બેઠકની કાર્યવાહીની નોંધ રજુ કરાશે અને તે બેઠકમાં મંજુર કરાયેલ કામોમાંથી કેટલા કાર્યક્રમોનું અમલીકરણ કરાયું છે અને કેટલાક કાર્યક્રમોનું અમલીકરણ કયા કારણોસર નથી થઈ શક્યું તેની નોંધ રજુ કરવામાં આવશે. આ ઉપરાંત નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩નું સુધારેલ અંદાજપત્ર તેમજ નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪નું સુચિત અંદાજપત્ર મંજુરી માટે મોકલવામાં આવશે.




બેટા, જાં ગાંધીનગર વાઈબ્રન્ટમાં કોઇ આપણી સાથે એમ.ઓ.યુ. કરે તેવી કંપની આવી હોય તો ડેટા લઈ આવ, આપણુંય નસીબ જોર કરતું હોય તો કાંઇ થાય...!!



### પી.એચ.ડી. થયા

ગુજરાત યુનિવર્સિટીના આંકડાશાસ્ત્ર વિષયના અધ્યક્ષ ડૉ. રાજશ્રીબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ તાજેતરમાં દિપ્તી જે. ભાવસારે 'સમ સ્ટડીસ ઈન પોપ્યુલેશન રીસર્ચ' વિષય પર મહાશોધ નિબંધ તૈયાર કરી પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. સી.સી. શેઠ કોલેજ ઓફ કોમર્સ, અમદાવાદના આંકડાશાસ્ત્ર વિષયના અધ્યાપિકા દિપ્તી ભાવસારને યુનિવર્સિટી તરફથી પી.એચ.ડી.ની પદવી એનાયત થઈ છે.

## ગુજરાત રાજયના અનુ. જાતિના બાળકો માટે યોગ સપ્તક સેમિનાર યોજાશે

### ૩૧મી જાન્યુઆરી સુધી પ્રવેશ પત્ર મેળવી સંપૂર્ણ ભરીને પહોંચાડવા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લાના રમત પ્રશિક્ષણ કેન્દ્રના સિનિયર કોચ એચ.બી. સાવલીયાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, અનુસૂચિત જાતિના બાળકો માટે યોગ શિબિરનું આયોજન માર્ચ ૨૦૧૩ સુધીમાં વિના મુલ્યે હાથ ધરવામાં આવશે. યોગ શિબિરમાં ૧૫થી ૩૫ વર્ષના ભાઈઓ અને બહેનો ભાગ લઈ શકશે.

અનુસૂચિત જાતિની વસતિ ધરાવતા એક તાલુકા મથક ખાતે યોગ સેમિનારનું સાત દિવસ માટે આયોજન માર્ચ ૨૦૧૩ સુધીમાં વિનામુલ્યે હાથ ધરાશે. યોગ શિબિરમાં ૧૫ થી ૩૫ વર્ષના ભાઈ-બહેનો ભાગ લઈ શકશે. રસ ધરાવતા અનુસૂચિત જાતિના ઉમેદવારોએ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, મહાત્મા ગાંધી વિદ્યા મંદિર, સેકટર-૨૧, ગાંધીનગર સિનિયર કોચની કચેરીએથી પ્રવેશ પત્ર મેળવી સંપૂર્ણ વિગતો ભરીને તા.૩૧મી જાન્યુઆરી સુધીમાં રૂબરૂ અથવા ટપાલ મારફતે મોકલી આપવાના રહેશે. પસંદ થયેલા ઉમેદવારોને સિનિયર કોચ દ્વારા યોગ શિબિર અંગેની જાણ કરવામાં આવશે. આ નિવાસી શિબિરમાં નિવાસ, ભોજન અનેપ્રવાસ ખર્ચ સરકાર દ્વારા કરવામાં આવશે.



### જે.એમ.ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય સ્કાઉટ ગાઈડમાં જિલ્લા ચેમ્પિયન

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા તાલીમ અને વન સંશોધન બોરીજ ખાતે સ્કાઉટ ગાઈડ જિલ્લા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીમાં જે.એમ.ચૌધરી પ્રાથમિક શાળાનાં બે વિભોગોએ ભાગ લીધો હતો. રેલીમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વન ભ્રમણ કર્યું, વન પ્રાણીઓ, વનસ્પતિ વિશે ક્વીઝ સ્પર્ધામાં વિજેતા બન્યાં હતા. શ્રીમતી અંજનાબેન ચૌધરીએ તથા શ્રીમતી હંસાબેન ચૌધરીએ માહિતી આપી હતી. સર્વ સ્પર્ધામાં મોખરે રહી જિલ્લા ચેમ્પિયનશીપ શાળાના નામે કરી હતી. છાવણી નિરીક્ષણ, કેમ્પ ફાયર, અવલોકન સ્પર્ધામાં વિજેતા બન્યાં હતા.

## આયના-૨૦૧૩ સ્પર્ધામાં આર.જી. પટેલ શાળા ઝળકી

ગાંધીનગર, તા.૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગરની બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન દ્વારા તાજેતરમાં આયના ૨૦૧૨-૧૩ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આર.જી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીનીઓએ મહેંદી સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતીય નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને એસ.બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાની વિદ્યાર્થિની હયાની ડેનીસા મહેંદી સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા થઈ હતી અને પૂજા જાદવ મહેંદી સ્પર્ધામાં દ્વિતીય નંબરે વિજેતા બની હતી. શાળાની વિજેતા વિદ્યાર્થીનીઓને શિલ્ડ અને સર્ટિફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા. શાળાની ૧૦૦૦ વિદ્યાર્થીનીઓએ આચાર્યા, સુપરવાઈઝર તથા શિક્ષકોએ આ પ્રસંગે આયના મેગન્ટ પ્રદર્શન નિહાળ્યું હતું. આચાર્યા સુધાબેન પટેલ, સુપરવાઈઝર દિલહરબા જાડેજાએ માર્ગદર્શન આપ્યું હતું અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન આર.જી. પટેલે કર્યું હતું.

### 'સેમેસ્ટર પધ્ધતિ આવકાર્ય છે કે કેમ?' વકૃતત્વ સ્પર્ધામાં કોબાની નિધિ સુથાર પ્રથમ

તપોવન સંસ્કાર પીઠ અમીયાપુર ખાતે દિનેશભાઈ શાહના માતૃશ્રી સ્વ. સુરજબેન શાહના સ્મરણાર્થે જિલ્લા કક્ષાની વકૃતત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. વકૃતત્વ સ્પર્ધાનો વિજય શાળા કક્ષાએ 'સેમેસ્ટર પધ્ધતિ આવકાર્ય છે કે કેમ?' આ સ્પર્ધામાં ડી.જી.એમ. તથા એચ.એન. જે. કોબાવાળા ગાંધીનગર હાઈસ્કૂલ, કોબાના નીધિ શૈલેષભાઈ સુથાર જિલ્લામાં પ્રથમ નંબરે વિજેતા થઈ શાળાનું ગામનું નામ રોશન કરેલ છે.

## એફ.સી.આઈ. ન્યુ દિલ્હીમાં કોન્સ્યુલેટીવ કમિટિના મેમ્બર તરીકે તુષાર શાહની વરન્જ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના યુવા અગ્રણી તુષાર દિનેશભાઈ શાહની તાજેતરમાં ભારતસરકારના ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા ન્યુ દિલ્હીમાં કોન્સ્યુલેટીવ કમિટીના મેમ્બર તરીકે નિમણુંક કરવામાં આવી છે. જેને યુવાનો અને વેપારીજગતે આનંદ અને ઉત્સાહ સાથે વધાવી લીધી છે.



એફ.સી.આઈ.માં કૃભકો ન્યુ દિલ્હીના ડિરેકટર પરેશભાઈ પટેલની ભલામણથી ગાંધીનગરના યુવા અગ્રણી તુષાર શાહની નિમણૂંક કોન્સ્યુલેટીવ કમિટિ મેમ્બર તરીકે કરવામાં આવી છે. તુષાર શાહ પાટનગરમાં છેલ્લા ૧૫ વર્ષથી વેપાર જગતમાં સક્રિય છે. યુવા વેપારી અગ્રણી તુષાર શાહનો મુખ્ય હેતુ ગરીબ વર્ગને સમયસર અનાજ મળી રહે તેમાં સક્રીયમપણે મદદ કરવાનો છે. વડોદરાના મૂળ વતની તેઓ ગાંધીનગરના વિવિધ વેપારી મંડળ સહિત સામાજિક અને રાજકીય સંગઠનો સાથે સક્રિય રીતે જોડાયેલા છે. દરેક ગરીબને બે ટંક પુરતું ભોજન મળી રહે તેવો તેમનો સંકલ્પ છે.

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા માણેકલાલ એમ. પટેલ વ્યાખ્યાન માળા યોજાશે

ગાંધીનગર, તા.૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને ગાંધીનગર દ્વારા તા.૧૨મી જાન્યુઆરી ૨૦૧૩ને શનિવારે સાંજે ૪ કલાકે એલ.ડી.આર.પી., એન્જિનીયરીંગ કોલેજ, સેકટર-૧૫ના સભાખંડમાં શ્રી માણેકલાલ એમ. પટેલ વ્યાખ્યાન માળાનું પ્રથમ વ્યાખ્યાન યોજાશે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગરના પૂર્વ ચેરમેન તથા કડી સર્વવિશ્વ વિદ્યાલયના પૂર્વ પ્રેસિડેન્ટ સ્વ. માણેકલાલ એમ. પટેલ જીવનના છેલ્લા દિવસ સુધી કેળવણી વિકાસનાં કાર્યોમાં વ્યસ્ત રહ્યા હતા. તેમના અવસાન બાદ તેઓની કાયમી સ્મૃતિ જાળવી રાખવા માટે શિક્ષણ વિષય વ્યાખ્યાનમાળા શરૂ કરવામાં આવી છે. સંસ્થાના સહુ આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સુધી શિક્ષણના આધુનિક વિચારો પહોંચે અને તેનો અમલ થાય તે હેતુથી વ્યાખ્યાન માળા યોજાશે. જેના પ્રથમ વ્યાખ્યાન પ્રસંગે સમારંભના અધ્યક્ષ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડીના ઉપપ્રમુખ ડૉ. કનુભાઈ ડી. પટેલ, અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાંત જહા, વ્યાખ્યાનમાળાના ઉદઘાટક તથા આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કેળવણી વિદ્ ડૉ. રવીન્દ્ર દવે આધુનિક ઉચ્ચ શિક્ષણના કેટલાક મૂળભૂત પ્રશ્નો વિષય ઉપર વકતવ્ય આપશે.

## ઝાલાવાડ પ્રાથમિક શાળાના ૩૮ વિદ્યાર્થીઓને સ્વેટરનું વિતરણ

ગાંધીનગર, તા. ૮

દહેગામ તાલુકાના જિંડવા ગામે આવેલી ઝાલાવાડ પ્રાથમિક શાળા ખાતે તાજેતરમાં વિનામુલ્યે સ્વેટર વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.


દહેગામ તાલુકાના ધારાસભ્ય કામિનીબા રાઠોડ અને સદેસિંહ ઝાલાની હાજરીમાં શાળાના ૩૮ બાળકોને ધીરાભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, ગાંડાભાઈ પંચાલ, પૂંજાભાઈ પંચાલ અને ખોડાજી ઝાલાના સહયોગથી સ્વેટર આપવામાં આવ્યા હતા.

બાબુજી ચંદુજી ઝાલા તરફથી ભોજન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજેશગીરી ગોસ્વામીએ કર્યું હતું અને આભારવિધિ શાળાના આચાર્ય અતુલભાઈ ચૌધરીએ કરી હતી.

## સર્વોત્કર્ષ સેવા સંસ્થાન અને વૈદિક મહાસભાના સંયુકત ઉપક્રમે ગરીબોને ધાબળા વિતરણ કાર્યક્રમ સંપન્ન


ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં વસતા અને રોડ સાઈડ ઉપર કામ કરતા અત્યંત ગરીબ મજૂર વર્ગને ધાબળા વિતરણનો કાર્યક્રમ ગત રવિવારે યોજાઈ ગયો. સર્વોત્કર્ષ સેવા સંસ્થાન તથા વૈદિક મહાસભાની ગાંધીનગર શાખાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં ૧૨૦ જેટલા આવશ્યકતામંદ વ્યક્તિઓને ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.



સર્વોત્કર્ષ સેવા સંસ્થાનનાં મેનેજીંગ ટ્રસ્ટી તથા વૈદિક મહાસભાના મહામંત્રી અરવિંદભાઈ રાણાના માર્ગદર્શનમાં તથા ગાંધીનગર જિલ્લાના વૈદિક મહાસભાના પ્રભારી લક્ષ્મણભાઈ પરસિયાનાં નેતૃત્વમાં ગાંધીનગરનાં વિવિધ માર્ગો ઉપર ખુલ્લામાં નિવાસ કરતાં શ્રમજીવીઓને ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પૂણ્ય કાર્યમાં અરવિદભાઈ રાણા અને લક્ષ્મણભાઈ પારસિયા ઉપરાંત નિવૃત્ત આઈએએસ અધિકારી સુધાબેન આંચલિયા, એલ.પી. ઠાકોર, પુનમબેન ઠાકોર, દિલાવરસિંહ હઠીસિંહ રાજ, ક્રિશ્નાબા દિલાવસિંહ રાજ, મહેન્દ્રભાઈ ગાંધી, અજમલભાઈ આર્ય અને કાન્તિભાઈ સુથારે આર્થિક સહયોગ પ્રદાન કર્યો હતો.

વૈદિક મહાસભાનાં ગાંધીનગરનાં પ્રભારી લક્ષ્મણભાઈ પારસિયાએ આ અંગે વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે જ્યારે અમે રાત્રે ૯.૦૦ વાગે ધાબળા વિતરણ માટે નીકળ્યા ત્યારે ગાંધીનગરમાં મુખ્ય માર્ગો ઉપર રહેતાં લગભગ તમામ શ્રમજીવીઓ અન્ય સંસ્થાઓએ આપેલા નવા ધાબળા ઓઢીને સુતા હતા. જેના કારણે અમારે રાત્રે અન્ય આંતરિક માર્ગો ઉપર આવશ્યકતામંદ વ્યક્તિઓને શોધવા જવું પડયું. અડધા કલાકની મહેનત બાદ ગમનભાઈ પટેલ, લક્ષ્મણભા પટણી અને નરશીભાઈ પટેલનાં વિશેષ પ્રયત્નોથી અમને મુખ્યરૂપે સેકટર-૬માં તથા ગૌણરૂપે સેકટર-૨, ૩, અને ૪નાં આતરિક રસ્તાની સાઈડ ઉપર રહેતા



ધાબળા વિહોણા શ્રમજીવીઓને શોધી કાઢવામાં સફળતા મળી. ગાત્રો થીજાવી નાંખે તેવી ઠંડીમાં ખુલ્લામાં બાળકો સાથે ફાટેલા તુટેલા ઓઢવાનાં ઓઢીને જેમ તેમ રાત પસાર કરતા શ્રમજીવીઓને ધાબળા આપી તેમનું આંશિક દુખ દૂર કરવામાં સહભાગી બનવા બદલ સૌ દાનદાતાઓ તથા રાત્રે આવશ્યકતામંદ શ્રમજીવીઓને શોધી તેને ધાબળા વિતરણમાં સહયોગ આપનાર સૌનો સર્વોત્કર્ષ સેવા સંસ્થાન તથા વૈદિક મહાસભા આભાર માને છે.

## જે.બી. પ્રાથમિક શાળામાં બાળ રમતોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૮

અભ્યાસની સાથે સાથે બાળકો ખેલદીલી દાખવે અને અન્ય સહ અભ્યાસી પ્રવૃત્તિઓમાં રસ દાખવે અને સર્વાંગી વિકાસ થાય તે હેતુસર સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળામાં સંસ્થાના આદ્યસ્થાપક સ્વ. પુરૂષોત્તમદાસ ર. પટેલ-પૂજય દાસકાકા-સ્મૃતિ શિયાળુ રમતોત્સવ અને બાલ મહોત્સવ તાજેતરમાં યોજાઈ ગયો. જેમાં શાળાના ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો.

જે.બી. પ્રાથમિક વિદ્યાલયમાં ત્રણ દિવસના શાળા રમતોત્સવ અને બાલ મહોત્સવમાં વિદ્યાર્થીઓએ દોડ, જંપ દોડ, કોથળા દોડ, લીંબુ ચમચી, ગોળા ફેંક, સંગીત ખુરશી, લોટ પીપર, દેડકા દોડ વગેરે સ્પર્ધા અને રંગોળી, વકતૃત્વ, ચિત્ર, ગીત, એકપાત્રીય અભિનય, નિબંધ, વાર્તા અને સુલેખન વગેરે સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પ્રથમ, દ્વિતીય કે તૃતીય ક્રમ હાંસલ કરી વિજેતા બન્યા હતા.

શાળા રમતોત્સવ અને બાલ મહોત્સવમાં સી.એમ. હાઈસ્કુલના આચાર્ય બચુભાઈ પટેલ, આર.એન. પ્રાથમિક શાળાના દશરથભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને કેમ્પસમાં સ્થાપિત પૂજય દાસકાકાની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી આતશ જયોત પ્રગટાવી હતી. આચાર્યા નીવાબેન પટેલે વિદ્યાર્થીઓ પોતાના કૌશલ્યો ખીલવે અને સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

## એન્જિનિયરીંગ એસ્ટેટ જીઆઈડીસી ખાતે ત્રણ ધારાસભ્યોનો સન્માન સમારંભ યોજાયો



ગાંધીનગર, તા.૮

જીઆઈડીસી એન્જીનિયરીંગ કોપ્લેક્ષ એસોસિએશન ગાંધીનગરના માનદમંત્રી એમ.પી. પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં એસોસિએશનના કોમ્યુનિટી હોલમાં વિધાનસભાની ચૂંટણીમાં વિજેતા બનેલા ત્રણ ધારાસભ્યો શંભુજી ઠાકોર, અશોકભાઈ પટેલ અને પૂનમભાઈ મકવાણાનો સન્માન સમારંભ યોજાયો હતો.

વિધાનસભાની ચૂંટણીમાં ગાંધીનગર દક્ષિણ સીટના વિજેતા ઉમેદવાર શંભુજી ઠાકોર, ઉત્તર સીટના વિજેતા અશોકભાઈ પટેલ અને દસાડા સીટના વિજેતા ઉમેદવાર પૂનમભાઈ મકવાણાનો સન્માન સમારંભ તાજેતરમાં યોજાયો હતો. આ પ્રસંગે ત્રણેય ધારાસભ્યોએ પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા હતા તેમજ તેઓએ સમગ્ર એસ્ટેટનો તથા ઉદ્યોગકાર મિત્રોનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો.

કાર્યક્રમમાં જીઆઈડીસી એસ્ટેટના પ્રમુખ શૈલેષભાઈ પટેલ, ઉપપ્રમુખ બળદેવભાઈ ચૌધરી, માનદ મંત્રી મનહરભાઈ પટેલ, સહમંત્રી નરસિંહભાઈ પટેલ, ખજાનચી રમેશભાઈ પટેલ, સહ ખજાનચી કિશોરભાઈ પટેલ, કારોબારી સભ્યો તેમજ ઉદ્યોગકાર મિત્રો ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.